# ગુજરાતનો યુવાન આકાશને આંબવા તત્પર છે : મોદી

**વડાપ્રધાને ખેલ મહાકુંભ ૨૦૨૨નો પ્રારંભ કરાવ્યો : મેં રોપેલા બીજને આજે હું આટલા વિશાળ વટવૃક્ષનો આકાર લેતા જોઈ રહ્યો છું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**





અમદાવાદ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં શનિવારે ખેલ મહાકુંભ ૨૦૨૨નો પ્રારંભ કરાવ્યો. ભવ્ય રંગારંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે વડાપ્રધાને ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, મારી સામે યુવા જોશનો સાગર છે. આ ફક્ત રમતનો મહાકુંભ નથી પરંતુ ગુજરાતની યુવા શક્તિનો પણ મહાકુંભ છે. મેં રોપેલા બીજને આજે હું આટલા વિશાળ વટવૃક્ષનો આકાર લેતા જોઈ રહ્યો છું. ૨૦૧૦માં પહેલા ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ગુજરાતે ૧૬ રમતોમાં ૧૩ લાખ ખેલાડીઓ સાથે શરૂઆત થઈ હતી. મને ભૂપેન્દ્ર ભાઈએ જણાવ્યું કે ૨૦૧૯માં ખેલ મહાકુંભમાં આ ભાગીદારી ૧૩ લાખથી વધીને ૪૦ લાખ સુધી પહોંચી ગઈ છે. હવે આંકડો ૪૦ લાખથી વધીને ૫૫ લાખ પર પહોંચી રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે, ખેલાડી જ્યારે પ્રગતિ કરે છે ત્યારે તેની પાછળ ઘણી મોટી તપસ્યા હોય છે. ગુજરાતના લોકોએ મળીને જે સંકલ્પ લીધો હતો તે આજે વિશ્વમાં પોતાનો ઝંડો ફરકાવી રહ્યો છે. આ ગુજરાતની યુવા શક્તિનો તમને ગર્વ છે? ગુજરાતના ખેલાડીઓ પરાક્રમ કરી રહ્યા છે તેનો ગર્વ થઈ રહ્યો છે? કોમનવેલ્થ, એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક્સ સહિત ગુજરાતના ખેલાડીઓ દેશના અને ગુજરાતનો યુવા પોતાનો જલવો દેખાડી રહ્યા છે. આવી જ પ્રતિભા આ મહાકુંભથી બહાર આવવાની છે. ખેલાડી રમતના મેદાનમાંથી ઉભરે છે અને વિશ્વમાં દેશનું ગૌરવ વધારે છે.

સાથીઓ એક સમય હતો જ્યારે ખેલ જગતમાં ભારતની ઓળખ ફક્ત એક-બે રમતના ભરોસે ટકેલી હતી. તેનું પરિણામ એ આવ્યું કે જે રમતો દેશના ગૌરવ અને ઓળખ સાથે જોડાયેલા હતા તેને પણ ભૂલાવી દેવામાં આવ્યા હતા. તેના કારણે રમતો સાથે જોડાયેલા સંસાધનો વધારવા, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક

બનાવવા પર જેટલું ધ્યાન આપવું જોઈતું હતું તે એક પ્રકારે અટકી ગયું હતું. એટલું જ નહીં

● અનુસંધાન પાન-૭ પર

## કુપોષણમુક્તિ અભિયાન માટે સ્વસ્થ બાળકની નવતર યોજના

**સગર્ભા મહિલા, ધાત્રીમાતા અને બાળકના સુપોષણ માટે રો-રાશન કીટ અપાશે : અમલીકરણ માટે ખાસ જોગવાઈઓ પણ કરાઈ છે**

ગાંધીનગર, તા. ૧૨

કુપોષણમુક્તિ અભિયાનને સઘન બનાવવા માટે હવે રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને સુપોષિત માતા અને સ્વસ્થ બાળ યોજના નામની નવી યોજના અમલી બનાવશે.

આ યોજના અંતર્ગત પ્રેગ્નન્ટ મહિલા, ધાત્રીમાતા તેમજ બાળકના સુપોષણ માટે રો-રાશનની કીટ આપશે. જેમાં ૨ કિલો ચણાદાળ, ૧ કિલો તુવરદાળ અને ૧ કિલો સિંગતેલનો સમાવેશ થાય છે.

આ યોજનાનો લાભ જે માતાનું ઈ.મમતામાં રજીસ્ટ્રેશન થયુ હશે, રેશનીંગ કાર્ડમાં નામ હશે, આંગણવાડી પોર્ટલમાં નામ હશે તેમજ રેશનકાર્ડમાં આધારકાર્ડનું સિડીંગ કરેલુ હશે તેમજ કુપોષિત હશે તેને જ આપવામાં આવશે.

મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા યોજનાના અમલીકરણને લઈ તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. આ વિભાગ સાથે સંકળાયેલા વિશ્વસનીય સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે દર ચોથા મંગળવારના રોજ આ રો-રાશન કીટનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૭૮૦૦થી વધુ સગર્ભા માતાઓ, ૮૨૦૦થી વધુ ધાત્રી માતાઓ અને ૨૩,૨૦૫ બાળકોને પ્રથમ તબક્કામાં આવરી લેવાનો લક્ષ્યાંક છે. રાજ્ય સરકારની કુપોષણમુક્તિ અભિયાનની આ અતિ મહત્વાકાંક્ષી યોજના છે. આનાથી સ્વસ્થ માતા, સ્વસ્થ બાળક અને સ્વસ્થ સમાજરચનાના ધ્યેય સાથે સરકાર આગળ વધી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

**વડાપ્રધાન અને શંભુજીની આંખો મળી અને ઈશારામાં કહ્યું આગળ આવો**

## ચિલોડા ચાર રસ્તા પર ભાજપના શંભુજી ઠાકોર ભાવ-વિભોર થયા

ગાંધીનગર, તા. ૧૨

આજે સવારે ૧૦.૨૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રક્ષાશક્તિ યુનિ. જવા માટે રાજભવનથી રવાના થયા હતા. ગુજરાત મુલાકાતના બીજા દિવસનો આરંભ પણ રોડ શૉ થી જ હતો.



રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બંધ ગાડીમાં વડાપ્રધાનનો કાફલો રવાના થયો અને ૧૦.૩૦ મિનિટે ચિલોડા સર્કલ પર કાફલો પહોંચ્યો ત્યાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોએ મોદી...મોદી ના નારાઓથી આકાશ ગજવી દીધુ હતુ.

ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર કાર્યકરો સાથે ફૂલહાર લઈને ઉભા હતા. વડાપ્રધાન મોદીજી અને શંભુજીની આંખો ભીડમાં મળી ગઈ. વડાપ્રધાને શંભુજીને આગળ આવવા

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં કોરોનાના નવા ૪૭ કેસ નોંધાયા : ૫૩ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં આજે કોરોનાના નવા ૪૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૩ દર્દીઓ સાજા પણ થયા છે. બીજી તરફ કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૦૬૪ નાગરિકો મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૬ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોનાના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૯,૫૮૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૫૬૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૭ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૫૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૦૬૪ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૯૩૮ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. અમદાવાદ કોર્પોરેશનમાં ૩૧, વડોદરા કોર્પોરેશનમાં ૫, વડોદરા ૩, આણંદ ૨, ડાંગ, ગાંધીનગર કોર્પોરેશન, સુરત કોર્પોરેશન અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા છે.

રસીકરણના મોરચે સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૯૨૮૦ ને રસીનો પ્રથમ અને ૩૪૮૫૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

ગાંધીનગર સમાચાર
૩૬ વર્ષની સફળ સમાચાર યાત્રા પૂર્ણ કરી
૩૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે
તે બદલ હાર્દિક શુભકામના..
શ્રીજી
ગોલ્ડ & સીલ્વર

079-232 11022 Nandubhai
99742 40124 Dinesbhai
97273 77123 Narendra
Pramukh Peredaise, G-Road,
Nr. 24 Circle, Sector-23, Gandhinagar
શ્રીજી સુપર મોલ
નંદુભાઈ પટેલ 9408757157
અમૃતભાઈ 9924635909
શંકરસિંહ 8200164258
શોપ નં. ૧૧૬થી ૧૨૪, શાલીન ગેલેરિયા, ગ-૧ કોર્નર,
આર.ટી.ઓ. સામે, સંગીત સર્કલ પાસે, સેક્ટર-૪, ગાંધીનગર.
મો. ૯૭૨૫૭૯૩૭૦૨

ગાંધીનગર સમાચાર ૩૬ વર્ષની સફળ સમાચાર યાત્રા પૂર્ણ કરી
૩૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે તે બદલ હાર્દિક શુભકામના..

જયસ્વાલ મહેન્દ્રકાકા સોડાવાળા
ઘ-૨ કોર્નર, સેક્ટર-૨/સી, ગાંધીનગર
મો. : ૯૬૩૮૬૯૩૫૮૧
જયસ્વાલ પિયુષ મહેન્દ્રકુમાર
જયસ્વાલ રાજ મહેન્દ્રકુમાર
મયુરકુમાર કાળુભાઈ સોલંકી
ચિરાગકુમાર ભોગીલાલ જયસ્વાલ
શાખા : ગ-૨ સર્કલ પાસે ● કુડાસણ વિશાલ સુપર માર્કેટ પાસે
જયઅંબે ટીફીન સર્વિસ
શુદ્ધ અને સાત્વિક ભોજન મળશે. મો. ૮૨૦૦૫૬૦૦૫૪

Happy Birthday
to Gandhinagar Samachar
NIJ
INFRA PROJECT
(GOVT. APPROVED CONTRACTOR)
804, 8th Floor, Shalin Complex, Sector-11, Gandhonagar-382011
Mo. 9586133001 | E-mail : nijinfraprojects@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com